### પત્ર ૧

પરમપ્રિય બંધુ, તા. ૨૮-૧-૧૮૮૫

આપનો પત્ર આવ્યો તે વાંચી જીવને પરમાનંદ થયો છે. વળી એ રીતે પત્ર દ્વારાએ દર્શનલાભ નિરંતર દેશો એવી પૂર્ણ આશા છે. જીવના સમ ! આપ તો ક્ષણવાર પણ વિસારે પડતા નથી. મણી ને હું ભેગાં થઈએ છીએ ત્યારે આપના નામની માળા જ જપ્યા કરીએ છીએ અને દયારામની પેલી કડી સાંભરવા કરે છે કે 'આવડું શીદ કર્યું હતું જ્યારે જાવું.' દૈવી ગતિ સૌથી મોટી છે. કોઈ દિવસે એવું સ્વપ્નું આવ્યું નહોતું કે આપ આમ મુંબઈ છોડીને જશો. રતનબાઈના વરે આપના વિશે બેત્રણ કવિતાઓ કરી હતી, પણ તે કાકાપુરી જેવી નાટકના રાગમાં. મહીં કેટલીક જગ્યાએ મુખ ફરે ને એવી હતી. તથાપિ આપના પર કેટલીક જગ્યાએ પ્રેમના શબ્દો નીકળ્યા હતા તે ખરા અંતઃકરણના હતા. મેં આપના વિષે ત્રણ વાર કવિતા કરી પણ આપને વંચાવવાની હિંમત ચાલી નહિ. તેનું કારણ તે દહાડે ધનજી માસ્તરે કવિતા કરી હતી તે આપે હાથમાં લેતાં જ ફાડી નાખી હતી તેથી મને પણ એમ જ થયા કર્યું કે આપણી કવિતાનોએ એમ અનાદર થાય ત્યારે ? એવું વિચારી વિચારીને કેટલીક તો બનાવી બનાવીને તુર્ત જ નહિ સરખી કરી નાખી. હાલમાં હું સીતાખ્યાન લખું છું, ને તે રામચંદ્રજી પરણીને અયોધ્યામાં આવ્યા ત્યાં સુધી તૈયાર થયું છે તે આપને સહજ લખ્યું છે. હાલમાં ડેપ્ટીનો ચાર્જ માડણે લીધો છે. ભલે ગમે તેમ થાઓ પણ મણિલાલ નભુભાઈની તો બલિહારી જુદી જ હતી. હું એકલી નથી કહેતી પણ સરકારી ખાતામાં જેટલી સ્ત્રીઓ છે અને લગભગ બધા ય પુરૂષો એમ જ બોલે છે. મણિકોરને આપના આશીર્વાદ કહ્યા તે વખતે તો આપને સંભારીને અમને બેને આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. પણ શું કરીએ, નિરૂપાય.

લિ. ના પ્રણામ.

* *

*મણિલાલે તા. ૨૦મી જાન્યુઆરી ૧૮૮૫એ મુંબઈ છોડ્યું ત્યાર પછી તુર્ત જ પત્ર લખેલો હોવો જોઈએ જેના ઉત્તરરૂપે આ કાગળ છે. રતનબાઈ,*

*ધનજી માસ્તર, મણિકોર વિશે ચોક્કસ માહિતી મેળવવી જોઈએ – જો કે મળવી અશક્ય લાગે છે.*

*લખનાર બાઈ અક્ષરજ્ઞાન ઉપરાંત લેખનપ્રવૃત્તિમાં રસ લેનાર છે, અને મ. ન. દ્વિ.ને લખેલા બીજા પત્રો ઉપરથી તેમની જોડે પ્રેમનો સંબંધ કરવા માટે યોગ્યતા ધરાવતી લાગે છે.*

પત્ર ૨

૧૯મી માર્ચ ૧૮૮૫

–આપનો નવરાશનો વખત આવા અમૂલ્ય કાર્યાર્થે નિર્મ્યો એથી ઘણો આનંદ થાય છે. વળી

(સોરઠો)

*જાહિ જાહિ પે પ્યાર, તાકો સબ પ્યારો લગે*
*સજ્જન કેરી ગાર, અમૃતસે મીઠી લગે*

એવું છે એટલે 'પ્રિયંવદા' ઉપર સવિશેષ પ્રેમ ઉપજે એમાં શી નવાઈ ?–

* *

પત્ર ૩

૩૧–૩–૧૮૮૫

શું કરું મારા **એ** ઘેર નથી એટલે આપ અમારે ત્યાં આવો નહિ, બાકી એવી તો કવિતાની ગમ્મત ઉડાવત. હું ઘણી દીલગીર છું કે આપ અહિં પધારશો તેવે સમયે મારાથી કંઈ આગતાસ્વાગતા બનશે નહિ. વળી એ કહી ગયા છે કે 'મણિભાઈ આવે તો એકવાર આપણે ઘેર નિમંત્રણ કરજે.' મારા ઘરમાં મણિબા હું ને આપ જો ઉપરની વાત માન્ય કરો તો પ્રસાદ લઈએ. પણ આપ માનવા જ કઠિણ છો એટલું કેહેવું એ વ્યર્થ જ. હશે, દર્શન થશે એટલુંએ ક્યાંથી ?

* *

પત્ર ૪

૧–૭–૧૮૮૫

સૌછેલ્લું લખો છો કે 'તને મળવાની ખોટી જીદ છે' એ હું નાકબુલ નથી કરતી. પણ તમે જાણો કે હું થોડા દિવસ મુંબઈ નાશભાગ કરી અલ્પસુખ લીધું ન લીધું ને પાછા મુકામે આવતા રહીશું. જુઓ કે, હું વિષયભોગની તલમાત્ર પણ ભૂખી નથી. એ બાબત મારા મનમાં સ્વાભાવિક તૃષ્ણા જ ઓછી છે. પણ અહિં આવીને તમે પાછા જાઓ એટલે મારાથી વિયોગે જીવાય નહિ જો. પછી તો તમારી દૃષ્ટિ આગળ જ મને રાખો તો જ જીવી શકું. તમે જાણો કે એને ઊકળતી આગે નાંખી પત્રથી શાંત કરૂં એ તો ન સમજશો. તેમ આપણે પાસે રહીએ એવો ઉપાય પણ શો છે?'

* *

પત્ર ૫

૬–૭–૧૮૮૫

આપ તરફનું સુખદ પત્ર મળ્યું. પ્રિય બંધુ, આપના ઉપર અમને રીસ ચડી તે વિના કારણ? શું આપે તેનું કારણ ઊપજાવ્યું (!) વાહરે વાહ! ઉલટો ચોર કોટવાળને દંડે એવો પ્રયોગ ઠીક ભણ્યા છો. અમને આપ કેટલા વ્હાલા છો, આપનું સ્મરણ કેવી રીતે નિરંતર થયા કરે છે તેનું વર્ણન અત્રે વિસ્તારથી કરૂં તો પણ યથાર્થ ઉભરો જેટલો દીલમાં છે તેટલો તો ન જ નીકળી શકે. વળી આપ હૃદયના ઘણા કોમળ છો એટલે મન પર એની અસર પણ ખૂબ થાય. આપને સ્નેહના શબ્દમાં કહેવાનું તો ઘણુંએ છે પણ નથી જ કહેતા કારણ કે આપ તો એમ જ સમજો છો કે સ્ત્રીઓ તો એવી વાંધાખોરી હોય જ. અમે તો એમ જ સમજતાં હતાં કે પૂર્વે વાયદા અગસ્ત મુનિને જ કરતા આવડતા હશે. પણ હવેથી ખાત્રી થઈ કે ખૂણે ખોચરે અદ્યાપિ પણ આપ જેવા અગસ્તને ય ઉછાળીને નાંખે એવા પડ્યા છે. વારૂ, જ્યારે આપ અનેક અડચણ દૂર કરી પોતાના મિત્રોને મળવાને ભાવનગરથી મુંબઈ પધાર્યા ત્યારે બની શક્યું અને અમને મળવાને આવવું તે તો જાણે આપ મોટા માણસથી ન બની શકે પણ અમને દર્શનલાભ લેવાની આજ્ઞા કરવી એય આપનાથી ન બની શક્યું? અમે નાશક ગયા ત્યારે જેટલું સ્મરણ આપનું થતું હતું એટલું ઈશ્વરનું થયું હોત તો ખરે જ તે બીચારો અમારૂં કલ્યાણ કરત કારણ તે તો ભક્તવત્સલ છે. તમારી

જેમ એને કાંઈ ભક્ત આંખના પાટા જેવા નહિ જ લાગતા હોય. આપ તો મહત્તામાં એના કરતાં ક્યાંહી વધી ગયા. જાણે મનમાં એમ થાય છે કે 'કવિતામાં જ ખૂબ ઉધડા લઉં' અથવા પ્રત્યક્ષ મળે તો ખૂબ રડું અને રડવાનું કારણ પૂછે તોય કહું નહીં. ચતુરભાઈને અમારે ઘેર મોકલાવ્યા એ અને અડાજણ પત્ર લખ્યું એ અત્યંત ઉપકાર કર્યો અને મોટો વિવેક ખ઼ ચી નાંખ્યો. પણ જો એટલું ય ન કર્યું હોત તો વળી હદથી જાદે વિવેકી બન્યા હોત. અમારે ઘેર પધારવાના છો એવું જાણી મેં શું કરી રાખ્યું હતું ? અને આનંદ કેવો થયો હતો ? તે કહેવાતું નથી. તેમ આપ ગયા એ શબ્દ જાણી મારા મોઢામાંથી મનને વારી રાખતાં પણ જે ઉદ્દગાર માફક વાક્યો નીકળી ગયાં છે તેમાં શું લખું ? અને તેથી તમને અસરે શી થનાર છે ? ધિક્કાર છે અમારા મૂર્ખ મનને કે તમારા જેવા વજ્રહૃદયીને તથા વિવેકશૂન્યને યાદ કરી ખાલી દુઃખ ઉભું કરે છે. આ વાક્યોથી તમોને મારા ઉપર માઠું લાગશે તો ભલે જરા વધારે જમજો પણ આવી વર્તણુંક અમારા પ્રત્યે રાખી તો એમ જ લખવાની. પરવડે તો પત્રવહેવાર રાખવો. અમે મથી મથીને ત્રણ માસ 'આવવાના છે' 'આવવાના છે' એવી આશાએ કાઢેલા અને આવ્યા બાદ મળ્યા વગર ગયા તેથી અમારા જીવને જે દુઃખ થયું છે તેનું પાપ તમને ને તેના બદલામાં આપ દીર્ઘાયુ થાઓ અને આવા ઠપકા ખાધા જ કરો. તમે જાણો કે આવી આવી ભૂલો કરો ને ઝાડચા વિના રહું તે તો ન સમજવું. આપ ભલેને મોટા – મોટા સંસ્કૃત પ્રોફેસર છો અને ભલેને લૉર્ડ રીપનની પદવીને પામો પણ અમે તો આપને અમારા જીવ પ્રમાણે જ ગણવાના. આપ મુંબઈ આવ્યા ત્યારે મને ન મળ્યા. તેના બદલામાં હું ભાવનગર આવીશ ત્યારે આપને પણ નહીં મળું અને એમ કરતાં ક્યાંહી રસ્તામાં મળ્યા તો લાજ કહાડીશ તે વખતે કોઈ પૂછશે તેનો ઉત્તર આપને પણ કાળજે ઠંડક થાય એવો આપીશ. અમારો પત્ર વાંચી આનંદ ને ખેદ સાથે જ એવી સહોક્તિ હું ભણી નથી. ખાલી ખાલી એવી અલંકૃત વાણી વાપરી ગભરાવશો માં. નહિ તો પછી હું એવા તો ગભરાવીશકની તે જાણશો, મારા જીવના સમ ! આજ સુધી આપનું પત્ર ન મળ્યું તેમ મેં પણ 'દયા પ્રભુજી સાથે મુખે નીમ લીધો પણ મન કહે જે પલક ના નિભાવું, – મારે, આજ થકી શામ રંગ સમીપે ન જાવું' – એમ ઉપર ઉપરનો ટેક રાખતાં જીવ તો એવો તલપાપડ થયા કર્યો કે કસર નહિ જાણે ને કહેતી કે, 'હું તો એમનો પત્ર આવશે તો વાંચીશે નહિ !' પણ શિરનામા પર અક્ષરો ઓળખીને મારા પતિ ઊભા હતા તો પણ બળાત્કારે પત્રને ચુંબન થઈ ગયું, એ ઉપરથી આપ અમને કેવા પ્રિય છો તેનું તોલન થઈ શકે છે. પણ આપ

પરીક્ષાવાન જબરા છો. કેવા કે 'દયાના પ્રભુજી ઘણા કહેવાણા ચતુર પણ ઓળખો નહિ એરંડો કે શેલડી.'' આપના જીવને સારૂં નથી તે જાણી ઘણી જ દીલગીર છું પણ શું કરું ? જો મારૂં ચાલી શકતું હોય તો નીરોગી કર્યા વિના રહું નહિ તો પણ પ્રભુને કહું છું કે 'ભલે, તેમની વ્યાધિ મને આવે.' પણ આપની કુશળતાની ઇચ્છા મારી કુશળતા કરતાં વિશેષ રાખું છું. આપ અમને ગણત્રીમાં ગણો યા ન ગણો, અને ચાહના કરો યા ન કરો, અમને સંભારો યા ન સંભારો, અમારી ઉપર કૃપાપત્ર લખો યા ન લખો પણ અમે તો આપને સંભારીશું, પ્રાણ સમાન વ્હાલા ગણીશું, અમારા મોટા આશ્રયરૂપ ગણીશું, અને નિરંતર આપની કુશળતા ઇચ્છીશું તથા પત્ર લખીશું. તેનો ઉત્તર આપને નજરમાં આવે તો લખવો યા ન લખવો, કારણ અમારે કાંઈ સાટું વાળવું નથી. હાલ છગનલાલભાઈ છે. પણ આપ વિના કોઈ અમારી સહાય ગણતા નથી. આપે ઉપરીપણું કયે દિવસે દાખવ્યું છે ? તથા શાળામાં આવી હસ્તે મોઢે કુશળતા કયે દિવસે નથી પૂછી ? તથા ચીઠ્ઠીનું કારણ મળતાં કેવા મધુર શબ્દોથી તે લખેલી તે બધુંય યાદ આવે છે ત્યારે બહુ જ ખેદ ઉપજે છે. આપની છબી મળી છે તેને રોજ ઠપકો દઈએ છીએ, પણ તે પોતાનો અપરાધ થયો ગણી ઉત્તર જ સામો આપે ?

લી ... ... ...

* *

## પત્ર ૬

૨૦, જુલાઈ, ૧૮૮૫

આપ મારા પત્ર નથી સમજતા ? તે 'પત્ર સમજાય તેમ લખવો' એવી ભલામણ કરો છો ? આપ શું નથી સમજતા તે હું સારી પેઠે સમજું છું. આપ જેને 'નિકટ સંબંધ' ગણો છો એટલો બધો તો સંબંધ નહિ પણ 'પત્રદ્વારે નિરંતર દર્શન પામું તથા પ્રત્યક્ષ મળી વિદ્યાના વિનોદ ચલાવવા' એવી આશા ખરી.

... ... ...

પણ ભલા થઈને જેવી કૃપા દૃષ્ટિ છે તેવી નિરંતર રાખી પત્ર માટે તરષાવશો નહિ. 'વજ્રહૃદયી' પણ પોતાનો મિત્ર, તેને બાહ્યોપચાર શિવાયના મજબૂત હથિયાર લઈ ભેદે એવું કોણ અભાગિયું હોય ? ભલે પોતે દુઃખી થાય. પણ જે અભેદ્ય હોય તેને ભેદવું એ તો યોગ્ય નહિ જ; અથવા કોઈ ભેદ્યું ભેદાતું જ નથી; અથવા એ બાબત હું એકલી જ અશક્ત છું.

* * *

પત્ર ૭

સર્વગુણસંપન્ન– ૩૧–૭–૮૫

વિશેષ આપ વિરાગીનું રાગયુક્ત પત્ર પામી સરાગી થઈ છું. તમે મારી પાસે શો સ્પષ્ટ જવાબ ઇચ્છો છો? હું મૂર્ખ જેવી કાંઈ તરહવાર બોલી પડીશ. મને ભાવનગરનીને આગળથી પોતાનું મન શીખામણ તમારા તરફ પત્ર લખતાં દેતું હતું કે 'મૂર્ખી! તે વાંચનાર તારૂં હૃદય પરખી જશે, માટે કશું આઘું પાછું ન લખ.' છતાં હું મારી કલમને વારી ન શકી. હવે મને એકે માર્ગ રહ્યો નથી. આજ સુધી હું એમ માનતી કે બધી વાત પોતાના સ્વાધીન જ હોય છે પણ એ ખોટું પડ્યું. તમે મારા એવા હાલ મેળવ્યા છે કે તમે મારૂં સર્વસ્વ અને ખરૂં ભૂષણ – જેને સારૂ હું આજ લગી મોંઘા મણીતુલ્ય સાચવી રાખેલી, – જે લાજ તેના ઉપર પાણી ફેરવવા ઉભી થઈ છું. તમે મારૂં બધુંય લૂંટી લઈ બાંધીને બળાત્કારે પોતાને તાબે કરી છે. એક કોરેથી તમે મને ઘસડી જાઓ છો, અને એક કોરેથી નીતિ ઘસડે છે. હવે શું કરૂં? એ (નીતિ) મને કહે છે કે 'રે! બેવકૂફ! એ તારૂં કામ છે? ધૂળ પડી તારી વિદ્યામાં! ધિક્કાર છે તારા ડહાપણને! એમ હેરાન થાય છે તે કરતાં મરી જા.' એવી શીખામણ દે છે. એ મને વ્હાલી થઈ છે ને તમે પણ પરતંત્રતાનું ઈનામ આપી વ્હાલા થયા છો. હવે એ બેય પ્રાણથીએ વ્હાલામાંથી કોને તજું ને કોને ભજું એમ થાય છે. તમે જેમ દ્રઢ મનના છો તેમ હું પણ મેરૂથી મજબૂત મનની છે. પણ તમને નવગજના નમસ્કાર કરૂં છું. હું છેક દુર્દશામાં છું. તોપણ મને એવા વિચાર આવે છે કે 'જીવ! એ (તમે) ભ્રમર જ્યાં સારૂં કમળ જોશે ત્યાં તરત જશે. તારામાં શા એટલા બધા ઢંગ બળ્યા છે કે નિરંતર તારા તરફ જ એની વૃત્તિ રહેશે? વળી, એ તારી પાસે છતાં દૂર છે. તને જે માણસ મળ્યું છે (મારો પતિ) તે ઝેરનો કટકો છે. તારી આજીવિકા (ચાકરી) છે તે એવી સખત છે કે તરત પાણીચું મળશે. તને 'શીળસિંધુ' એવા એવા વિશેષણોયુક્ત શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર સરખા પણ કવિતામાં માન આપે છે. તારો પતિ તને દેવી પ્રમાણે પવિત્ર ગણે છે,' ને હું અત્યારસુધી એવી પણ હતી. પણ તમારી પાસે મન આવ્યું ત્યારથી મારા મનને હું છેક નીચ દેખું છું અને એવા વિચારોમાં જ તમને કોઈવાર તરહવાર વિશેષણો જોડું છું. હે કઠિન! તમે મને મળવા ન આવ્યા, પત્ર ન લખ્યું એમ અનેક નિયમો સાચવી શક્યા. પણ મેં તો એકે નિયમ સાચવ્યો નથી, અને હજુએ કહું છું કે જોઈએ તો હું તમારે માટે મરી જાઉં, તો પણ તમે મારા પ્રેમના પ્રમાણમાં

મારા ઉપર પ્રેમ રાખનારા નથી. મારા ઉપર પત્ર લખો છો તેય કેમ જાણે વકીલ બારીસ્ટરનો કેશ હોય. હું તો તમને ગમે તેવા ગાંડાઘેલા પત્ર લખીશ. વાંચવો હોય તો વાંચજો. એ બાબત પ્રશ્ન ઉઠાડશો તો કહીશ કે 'લાવો મારૂં લઈ ગયા છો તે પાછું, એટલે સારૂં પત્ર લખીશ', તમારી સાથે વિનોદ કરતાં મને શાળાનું કામ ચલાવવાનો અવકાશ નથી મળતો. કોઈ પૂછે તેનો જવાબ દેવાતો નથી. તમારી કનેથી ઉઠીને બળાત્કારે જવાબ દઉં છું તો કહેવાનું શું ને કહું છું શું ? એક વખત ઘરમાં એવું બન્યું કે મને કાંઈ કહેતા હતા. ત્યારે મેં કહ્યું કે તમે મણિલાલની વાત મારી આગળ શાને કરો છો ? તે તેણેય સાંભળ્યું નહિ. ત્યારે મને કહે 'શું કહે છે ?' ત્યારે મેં કહ્યું 'મણિલાલની છબી આવી છે તેને કાચમાં બાંધવી છે.' પછી તે કહે 'જડાવવી છે ?' મેં કહ્યું 'હા.' મને ઘણા ઘણા વિચાર આવે છે પણ તમારી તરફથી લગારે મન પાછું હઠતું નથી, ત્યારે લાજ મૂકીને કહું છું સાંભળો – 'તમારો આ પત્ર વાંચીને હું તમારી પછવાડે બ્હેરી, બોબડી, ગાંડી, કુપાત્ર, લૂલી, અશક્ત, પરતંત્ર અને શરણ વગરની થઈ ગઈ છું. શાળામાં મને છોકરીઓ ત્રિરાશી મંડાવવાનું કહે ત્યારે ભાગાકાર મંડાવું, પાઠ વાંચવો કહે ત્યારે કહું કે ગરબા ગાઓ. ભૂગોળ ઇતિહાસ લોની ! ત્યારે ડીક્ટેશન લખાવું છું. તમારો છેલ્લો પત્ર કાંઈ વસીકરણ ભણાવીને મોકલ્યો છે કે મારે માટે તમે વિરાગી થયા ત્યારે તમારે માટે હું અનુરાગી થઈ (વક્રોક્તિમાં) તમારે માટે હું આવી થઈ છું તો પણ મહીંમહીંથી એમ થાય છે કે 'અરે ! હું ધર્મવિરૂદ્ધ કરૂં છું.' હવે હારીને તમારે શરણ આવી છું. જોઈએ તેમ કરો.

જો તમે જ મારે માટે દુઃખી છો એવો નિશ્ચય થશે ત્યારે સૌને દૂર મૂકી તમારી સેવામાં મરણ પર્યન્ત તત્પર રહીશ. ભલે પ્રભુ ... ન આપે. મને આરામ ફરી જન્મ લઈશ ત્યારે થાય તો થાય.

લિ. ભાવનગરનીના પ્રણામ.

* *

## પત્ર ૮

રા. રા. તા. ૬–૮–૮૫

આપનું પત્ર વાંચીને હાથથી છેક ગયા ખાતે છું. મારી ખાત્રી થઈ ચૂકી છે કે હવે તમારા હૃદયમાં મારે વિશે ખરેખરા પ્રેમાંકુર ફૂટવા માંડ્યા છે.

પણ ભગવાન ! ખરેખરું કહેજો હોં ! મારા સમ છે ! વારુ, આજસુધી મારા પત્રોએ જરા પણ અસર ન કરી ને હવે એકદમ કરી તેનું કારણ શું ? ક્યાંહી પ્રેમને ઘરેણે તો નહોતો મૂક્યો કે છોડાવી લાવ્યા ? બાકી હું કોઈ આજકાલની તમારા ઉપર પ્રેમ નહોતી રાખતી. મેં તમને જોયા છે ત્યારથી જ સ્વાભાવિક પ્રેમ ઉપજ્યો હતો. પણ ખરેખર વીંધી નાખી ક્યારે ? તે કહું ? જુઓ. હું તમને પ્રથમ કવિતા સંભળાવવા આવી ને એમણે કહ્યું કે 'હવે સાંભળો !' ત્યારે તમે કહ્યું કે 'તમે કહો તો ચિત્ત એકાગ્ર કરૂં.' એ વગેરે બીજા પણ બોલો. (તમારી સામે હું ફરીને બેસતી તે ય બહુ જ પ્રેમને લીધે શરમાતી) પછી જન્માષ્ટમીને દિવસે ચીઠ્ઠી લખીને બોલાવ્યા ત્યારે તો કાંઈ કહી જ શકાતું નથી. સફરજન પોતાના ભાગમાંથી મારી આગળ હસ્તાહસ્ત આવીને મૂકી ગયા હતા તે સાંભરે છે ? મેં પણ તમે જે મૂકી ગયા તે જ ખાધાં અને બીજાંમાં 'ખાટાં છે' એવું દુષણ મૂક્યું તેની મતલબ 'ખાટાં છે' તે ખરી ન હતી પણ મારા તરફથી તમને ખવરાવવાની હતી. પછી તે દિવસે મુખનો ચહેરો, આંખોનો, આમથી આમ, ને આમથી આમ બેસવું, સુઈ જવું, ચતુરભાઈના ઉપર હાથ નાંખવા, પ્રેમમાં ગમે તેમ બોલી પડવું. ('આવજો' એવું જતી વખત કહ્યું તે બે હાથનું ચિન્હ કરી અજબ તરહમાં) 'મહેતાજી, મ્હોઢે કંઈ આવડતું હોય તો ગવરાવો. વાંચવાથી તો ગાનારની નજર સાંભળનાર તરફ નથી રેહેતી' તે પછી આપણે બે ઘણીએ વાર ભેગા થયા હશું પણ પાછું તેવું તો કાંઈ જોવામાં આવ્યું નહિ. તેનાં (?) જોવા ભેગાં થયા ત્યારે તો જાણે તમારે ને મારે ઓળખાણ જ નથી તે જોઈ મને લાગ્યું કે 'આ સરખી વૃત્તિનું માણસ નથી, માટે એવા ઉપર તણાવું એ ફોકટ જેવું છે.' કહ્યું છે કે:

*'સજ્જન કબહુ ન કીજીએ, અણસમજે કો સંગ,*
*દીપકકે મન મેં નહિ, જલ જલ મરે પતંગ.'*

મને જે નીતિની વાતમાં લંબાણથી લખ્યું છે તે વિચારી જોતાં કાંઈક મનમાં માઠું લાગવાથી લખ્યું હોય એમ લાગે છે. પછી કોણ જાણે ! 'મારા તુચ્છ જેવાની ભક્તિ મૂકી દઈ પોતાની નીતિ ઉપર રાખો એથી કલ્યાણ થશે.' હું તમને કૌસ્તુભમણિ કરતાં વિશેષ ગણું છું. અને હાલ તો તમારા મનના જેવા જ તમે છો. આજ સુધી મેં કોઈને નહિ જોયું હોય (?) પણ મારા મનને તમારા પગના ખાસડા જેટલીએ કોઈએ અસર કરી હોય તો ઈશ્વર આજ્ઞા. આપ લખો છો કે તમે પરણ્યા ન હોત ને આપણો પ્રેમ થયો હોત તો મોક્ષનો માર્ગ હતો. હે

પ્રિયંવદ! મને તમારા જેવા સમવયી, ડાહ્યા, હસમુખા, રંગીલા, ચતુર તથા લાડપૂરણનું પાણિગ્રહણ કરવાની ઘણી લાલસા હતી. અને એવો બનાવ બન્યો હોત ત્યારે જ હું કેવી પ્રેમી, પતિ ઉપર ભક્તિવાળી છું તે જણાત. આજ હું તમને મોઢે બકવા કરી બતાવું છું એમાં શું વળે? મારા પતિમાં ખરૂં જોતાં વઢવા સિવાય એકે ગુણ નથી, તથા બીજામાં હોય એ પરખવાની શક્તિ પણ નથી. તો પણ મારૂં મન તમારા શિવાય કોઈએ રૂપથી, પૈસાથી, કે કોઈ અવર સાધનોથી ડગાવી શક્યું નથી. બલા જાણે તમે શા કારણથી આટલા બધા વ્હાલા લાગો છો ને તે હું સમજી શકતી નથી.

આપ મારી પાસે કહેવડાવવા માગો છો કે પ્રેમ ને નીતિ એ બેમાં બળવાન કોણ? તે લખજો. પણ પ્રભુ, હું શું કહું, મને તો એકે દિશા સૂઝતી નથી. મને રોજ તાવ બહુ આવે છે. અન્ન મુદ્દલ ભાવતું નથી, નિદ્રા આવતી નથી. તમારૂં અસાધારણ સ્મરણ થવાથી મગજ ખાલી પડી ગયું છે. કોઈ મારી ખબર પૂછે છે કે 'તને કેમ છે?' એટલે તરત આંખમાં ચોધાર આંસુ ચાલ્યાં જાય છે. જાણે મારૂં કોઈ નથી, હું અશરણ છું, ક્યાં છું? કોને યાદ કરૂં છું, મને શું થાય છે? હું આંધળી છું કે દેખતી, ચાલતી છું કે અપંગ; બોલતી છું કે મૂગી, બ્હેરી છું કે સાંભળું છું વગેરે કશું ય ભાન નથી. માત્ર પોપટની જેમ ગોખી રાખેલું હોય તેમ અનિયમિત રીતે તમારૂં નામ દેવાઈ જાય છે. અરે! એક વખત મારી અવસ્થા જોવા વૈદરાજ બનીને તો આવો. તમે તો મનગમતા વૈદ છો એટલે મને જરૂર સારૂં થઈ જશે. હવે કાંઈ બાકી રહ્યું? આમાં મને પરિણામ શું નીકળશે તે સમજાતું નથી. માત્ર હું મારા જીવતરને ભયભરેલું જોઉં છું. પણ તમે ય ડાહ્યા થઈને એકે રસ્તો સૂઝાડતા નથી. હું જાણું છું કે તમારી આ વ્યાધિમાં પડવાની મરજી નથી. કારણ કે મેં તમને સર્વ હક્ક આપ્યા છે તે છતાં શાને પૂછ્યા વાટ જુવો છો? હું તો કહું છું કે હવે તમારી ઉપરનો મારો પ્રેમ હદ મૂકીને કેટલો આગળ ગયો તેનો લાગ-તાગ (!) જડશે જ નહિ. માટે વળી શરમ મૂકીને કહું છું કે હું તમારે શરણ છું. મારૂં સર્વ તમે છો. હું તમારી છું, જોઈએ તો મારૂં મન સુધરે એમ કરો, જોઈએ તો બગડે તેમ કરો. જેથી મને સુખ થાય એમ કરો. પણ હવે રીબાવશો માં એટલી વિનંતી છે. મારો ખૂબ તિરસ્કાર કરશો તો કાંઈક હું શરમાઈ પ્રેમને હદમાં રાખું તો રાખું. અને કાં તો હવે સાકરના હીરા ગળ્યા એ ગળ્યા! તમારા જેવા મહાત્માની આગળ 'પીર બાપજી મેં તો હસતી થી' એમ વારે ઘડીએ કરવું એ ય શરમભરેલું છે. વળી મેં ક્યાં જેવા તેવા સાથે કે ક્યાં બોત્રથી પ્રેમ બાંધ્યો છે કે તેની આપદા! આ બધું

તમારા મનને નિશ્ચય થાય કે આ પ્રેમપીડામાં મઝા છે કે નહિ અથવા તમારી પૂર્ણ રીતે ખુશી હોય તો જ.*

લિ... ...ના પ્રેમપૂર્વક પ્રણામ

* *

### પત્ર ૯

૧૨-૮-૮૫

આટલા દિવસથી પત્રનો ઉત્તર શા કારણથી નથી લખ્યો તે તુરત લખશો. મેં જે પત્રો લખ્યા તે પથ્થરને પિગળાવે. વજ્રને તોડી નાંખે, પહાડને ફાડી નાંખે એવા છે. તે પત્ર વાંચીને જેનામાં પ્રેમનો અંશ હોય, દયાનો છાંટો હોય, અને સામાન્ય રીતે પણ જેનામાં કંઈ પ્રાણી ઉપર સ્નેહ હોય તો તેને એ પત્ર અસર કર્યા વિના રહે જ નહિ. શું ત્યારે તમને એ પત્રથી લેશપણ અસર ન થઈ? 'પ્રેમ' 'પ્રેમ' એવી ભાષણમાં, ગ્રંથમાં, નિબંધમાં, કે ચોપાનીયામાં સર્વસ્થલે ગર્જના કરી ઉઠો છો તે સમજ્યા વિના જ? અને બીજાને ખાલી ખાલી 'વજ્રહૃદયીને ભેદવાને તો મજબૂત હથિયાર જોઈએ.' વળી તે પછીના પત્રમાં 'તમે તો મારા પત્રમાં સમજતા નથી.' હું તમારા પત્રને નથી સમજતી, કેમ? અને તમે મારા પત્રમાં સમજો છો, એમ કે? વારૂ, તમારા પત્રમાં એવી શી ચતુરાઈ ભરી હતી કે હું ન સમજી? વજ્રહૃદયીને ભેદવાને હથિયાર હથિયાર ઠામ ઠામ પત્રમાં ઉછાળ્યાં તે એ શબ્દનો અર્થ હુ મુદ્દલ સમજી નથી એમ તમે આખા પત્રમાં સિદ્ધ કરો છો. મારૂં લખવું તમે મુદ્દલ સમજ્યા નથી એમ હું ખચીત કહું છું. મેં લખ્યું કે સ્ત્રીના હાથમાં તે એવાં હથિયાર શોભે? એનો અર્થ એ કે સ્ત્રી કદી મરી જાય પણ પોતાના ભીતરની વાત પુરૂષ આગળ કરી શકતી નથી. વળી બાહ્યોપચાર શિવાયનાં બીજાં હથિયાર લઈને પોતાના મિત્રને ભેદે એવું કોણ અભાગિયું હોય? એમ પણ લખ્યું છે તે મારકાપની મતલબ સમજીને. કેમ? ના! ના! નહિ જ. એ અર્થ તો એવો દબદબા ભરેલો છે કે જાણનાર હોય તે જાણે – તેને જ અસર થાય. લખવાની મતલબ એવી

* અહીં આટલું છેકી નાખેલું વંચાય છે:

'જુઓ તમારો ખરો સ્નેહી હોય તેની જોડે પણ 'મારી જોડે પ્યારમાં પડી છે' એવું કહેશો ને તે મારા જાણવામાં આવશે તો મારૂં મોત થશે. જ્યાં ત્યાં કહેતાં ફરશો એવું હોય તો મારે તમારો પ્રેમ નથી જોયતો. હવે પત્ર ખૂબ છૂટથી લખજો. જોઉં! લખવામાં કેવા હુશિયાર છો. પછી મારી હુશિયારી જોજો!

હતી કે પોતાના સ્નેહીને પોતાનું દુઃખ રડી દુઃખી કરવા? ભલે પોતે એક જ દુઃખ વેઠે એવી ભક્તિપૂર્વક એ મારૂં લખવું છે. તમારા એકે પત્રનો હું અર્થ સમજી નથી એમ છે જ નહિ. વળી તમે આગળથી જ લખો છો કે 'હું તો વિરાગી છું.' ભલે તમે વિરાગી રહ્યા, હું તો ચાહું છું કે તમારા જેવા વિરાગી વસ્તીમાં ન રહે ને અરણ્યમાં રહે તો વધારે સારૂં કે જેથી મારા જેવી અર્ધબળીઓને એવા વિરાગીનાં દર્શન ન થાય. આખી દુનિયામાં પ્રેમના પ્રવાસી થઈ ફરો છો, 'પ્રેમ, પ્રેમ,' એવું શીખવવાનું ગુરુપદ ધારણ કરો છો તો તમે પોતે કેટલા પ્રવીણ છો તે તો કહો?

જુઓ કે હજુ મારે ને તમારે પત્રવ્યવહાર શિવાય બીજો કશો ય સંબંધ નથી અને તમારા જેવા ક્રૂરનો સંબંધ હું ઇચ્છતી નથી... આખા જગતની ને ઈશ્વરની એ સૌની આશા તોડીને તમારા પછવાડે મારો ભવ બગાડું તેથી મને શું સુખના ઢગલા ઉપર તમે બેસાડવાના હતા? હું કાંઈ તમને દોષ દેતી નથી કે તમે મને કોઈ પણ બાબતસર ભોળવી... પછી જો તમારૂં મન નહિ દેખું તો આશા નહિ રાખું તથા મારૂં મન પણ મારે સ્વાધીન કેવું નથી રહેતું તે જોઈશ. કદિ મારી બેદરકારી તમે કરો છો એવા નિશ્ચય બાદ પણ જો મારૂં મન નહિ કહ્યું કરે તો પ્રાણ ત્યાગ કરીશ પણ તમારા જેવા કઠોરનું જીવતાં મોં તો નહિ જ જોઉં–

* *

પત્ર ૧૦

રા. રા. તા. ૪–૯–૧૮૮૫

આપનું પ્રથમ પત્ર આવ્યું ત્યારે પ્રેમ વગર બીજું કાંઈ લખતા જ નહોતા, બીજામાં નીતિ વિશે જરા લખ્યું હતું પણ પ્રેમની શ્રેષ્ઠતા હતી. ત્રીજામાં પ્રેમનું ખંડન કરી તેને સાતમે પાતાળ મોકલી તેને બદલે 'પરમજ્ઞાન!' 'પરમાત્મા' ને એવી એવી સ્થાપનાઓ થઈ. તેમાં છેલ્લી વારે સંસ્કૃત લખીને તો પ્રેમને બાપડાને પાતાળમાંથી કાઢી આકાશમાં કનકવો કરી ચગાવી મૂક્યો કે પાછો આવે જ નહિ!...

હજુ પણ હું તો કહું છું કે તમો સરખે સરખા મારા પ્રત્યે રહેનાર નથી. તમને કાંઈ સહજ મોહ છે તે પણ સાડા ત્રણ દહાડા રહેનાર છે પછી હું તમારે માટે મચ્છ તરફડે તેમ તરફડીશ તો પણ સંભાળ લેનાર નથી.

તમે પુરૂષ થઈ નીતિને ફલાણું ને ઢીકણું જોવા બધા ઉપર મમતા રાખો

છો તો હું સ્ત્રી છું, મને કશાની દરકાર નહિ હોય? તમે મને ગમે તેવી ધારો. પણ મેં એવું કામ જન્મ ધરીને કર્યું નથી એ ખરેખરૂં છે. પણ બેત્રણ વરસ થયાં મારી શાળામાં અથવા બીજે ઠેકાણે તમને જોતી ત્યારે મ્હારૂં મન તોફાની વહાણની જેમ થતું. પણ તમે ય પરખી શક્યા હો તો કહો કે ફલાણે દિવસે મેં તમારી પ્રકૃતિમાં આવા ફેરફાર જોયા હતા! તમે મને આ દુનિયાની સ્ત્રી ધારશો જ નહિ. મારે મોઢે મારી કવિતા સાંભળવા ભલભલા પુરૂષો ઇચ્છા રાખતા ને રાખે છે. પણ હું એવી અભિમાની છું કે જેના ઉપર મારો ભાવ ન હોય તે મોટો ચક્રવર્તી હોય તો ય પત ન કરૂં. તમે તો મને અંતઃકરણથી જ કાંઈ દિસો છો એટલે મારા શરીરને છેલ્લી વારે હાનિ પહોંચવા લાગી ત્યારે બધું ય કોરે રહ્યું... મેં જે કાંઈ જ્ઞાન મેળવ્યું છે તે પુસ્તકો વાંચીને જ. ને હજુ પણ એ બાબત હું કેવું સમજું છું તે કોઈ જાણતું નથી ને જણાવીને કામે શું છે? ઉલટું સ્ત્રીનું ઉંડાણ જાણી સારા વિચાર બાંધનારા થોડા ને નઠારા બાંધનારા ઘણા. વળી મારા મનમાં એવો અભિમાન હતો કે જે ન જાણે તે રહે તેમાં શું? પણ બધું જાણ્યા પછી રહે તે ખરી! પણ તે તો રહ્યો નહિ! તેનું કારણ મનગમતો ભર્તા મળ્યો નહિ તે જ. હું ઘણીએ સમજું છું કે મારે તમારા ઉપર શાને ક્રોધ કરવો જોઈએ? પણ એને બોલે મારી પ્રકૃતિ એવી જન્મની જ છે તે જતી નથી. હું નાની હતી ત્યારે મારી મા ચીડાય ત્યારે કહેતી કે, 'લે ને આટલી બધી આડાઈ કરે છે પણ પાછી પિયેરનાં ઝાડ જોવા નહિ પામે' ત્યારે હું કહેતી કે 'હું પિયેર તરફ ઓશીકું કરીને સુનાર પણ નથી. જા તારે ગમે તો તેડવા મોકલજે.' આવું સાંભળી તે બિચારી રડે પણ મારી ટેવ ગઈ જ નહિ! તેમાં હું જાણું જે મારી ઉપર સ્નેહ રાખે છે તેના ઉપર તો મને સહજ રીશ થઈ આવે. તમારે ને મારે શું? બાકી હું ધારૂં છું તેવું જોડું કોઈનું બંધાયું હોય તેનો રંગ જુદો જ ઉઠે!

આપ પોતાની મરજી પ્રમાણે લખીને તેના અર્થ ફેરવતાં વાર લગાડતા નથી. પણ જે રૂપે લખ્યું હોય તે જ રૂપે કબુલ કરો તો હું કાંઈ તમારો દંડ લેવાની છું? આવી વકીલાત મને પસંદ નથી. માટે મારી સાથે કૃપા કરીને જેમ બને તેમ સરળતા રાખવી. મારી સાથે એમ વાદ કરવા જ સંબંધ બાંધ્યો હોય તો મારામાં તમને જીતવાની શક્તિ નથી. માટે નમ્રતાથી કહું છું કે 'હું હારી ને તમે જીત્યા!' 'હવે ક્ષમા કરો!'

આપ લખો છો કે 'પ્રેમને હું ઇચ્છું છું પણ પાપથી ડરૂં છું' તો હું પણ તમારો જીવ કચવાવાને રાજી નથી. ભલે, તમે પાલન થાય એવો પ્રેમ મારા તરફ

રાખશો. એમાં મારૂંએ ભલું જ છે. મારૂં મન ચોંટ્યું તો તમારા જેવા સુજ્ઞ પુરૂષ ઉપર ચોંટ્યું એથી હું મને ભાગ્યશાળી સમજું છું કે 'અરે ! મને ખરેખરા પાપના પંકમાંથી કાઢી તે એ નર મળ્યા તો જ.' આપ મારા ઉપર પત્ર લખો તેમાં ગમે તેમ લખશો તે બધાથી હું રાજી થઈશ, પણ 'હું તુચ્છને વીસરી જાઓ' એવી આજ્ઞા કોઈ દિવસ કરશો માં. એ વચન વાંચીને મને બહુ દુ:ખ થાય છે. માટે મારા પર દયા લાવી એમ ન લખવું. અરે ! શું હું તમને તુચ્છ જ ગણું છું અથવા તમારી ભક્તિ કરૂં છું તે તમારી આજ્ઞા માનીને કે મારી ખુશીથી જ તમને યાદ કરૂં છું ? કે તમે કહેશો કે 'વીસરી જાઓ' એટલે વીસરી જઈશ ? બીજું તો શું લખું પણ દયારામમાં 'સખી હું તો જાણતી જે સુખ હશે સ્નેહમાં'માં એ ગરબી વાંચવાની પ્રાર્થના કરૂં છું.

લિ. ... ... ...

* *

## પત્ર ૧૧

૧૪–૯–૮૫

બલા જાણે જીવાશે કે નહિ તેનો પણ ભરૂસો છૂટી ગયો છે. વૈદો તો જોઈ જોઈને નવી ગપ હાંકે છે. કોઈ કહે છે કે 'ક્ષય થયો છે.' કોઈ કહે છે 'તંબોલીયો ક્ષય છે.' આ સાંભળીને મણિકુંવર ને તમારા ભાઈએ તો મારા નામની પછેડી ઓઢી છે. પણ મને તો ધીરજ છે કે હમણાં હું તો કંઈએ નહિ મરૂં–વારૂ, મને કંઈ થાય તો તમને કંઈ થાય કે નહિ ? બીજું તો શું પણ એટલું તો ખરૂં કે પ્રિયંવદામાં લખનાર એક અક્કલનું બારદાન બાઈ મળવાં દુર્લભ ! વળી તે પણ આવી આવી ગમ્મત ને ચતુરાઈની પરિસીમા જેવી તમારા જોવામાં ભાગ્યે જ આવી હશે..

હું ધારૂં છું કે તમને કોઈ પત્ર લખવાની પ્રાર્થના કરતું હશે કે 'સાહેબ, પત્ર લખશો, પત્ર લખવા કૃપા કરશો' ત્યારે કલમ હાથમાં લેતા હશો, નહિ વારૂ ? પણ અમે તો એમ જ કહીશું કે ખુશી હોય તો જ પત્ર લખવાની તસ્દી લેવી. મુંબઈ પધારવાના છો તેથી મુંબઈના ગવરનરને અમે કહી રાખ્યું છે કે શામળદાસ કોલેજના પ્રોફેસર સાહેબની સવારી આ માસ આખર મુંબઈ આવનારી છે તો નામદારે તમામ દરવાજા ખુલ્લા મુકવા. એમણે કહ્યું કે 'ઠીક.', જુઓ હસવા માટે લખ્યું છે માઠું લગાડશો નહિ.

લિ. .... ના પ્રણામ.